

## કાંકરેજ તાલુકામાં જીવદયાપ્રેમીઓએ ત્રણ ભેંસોના જીવ બચાવ્યા

કાંકરેજ તાલુકાના ગામોમાંથી પશુધનને કતલખાને ધકેલી દેતા હોવાથી જીવદયાપ્રેમીઓએ એક હોટલ ઉપર ચા-પાણી કરતા હતા ત્યારે સફેદ કલરનું પીકઅપ ડાલુ જી.જે.-૮-વી-૪૯૩૦ નંબરનું ગેરકાયદેસર ત્રણ ભેંસો ભરીને ઘાસચારો કે પાણીની વ્યવસ્થા ના હોવાથી આ જીવદયાપ્રેમીઓએ ગાડી ઉભી રખાવી પાસ પરમીટ તેમજ પશુ વિશે પૂછપરછ કરતાં સંતોષકારક જવાબ ના મળતાં શિહોરી પોલીસની મદદથી શિહોરી પોલીસ સ્ટેશને લાવી તપાસ કરતાં કતલખાને જતી હોવાની ગંધ આવતાં જીવદયાપ્રેમીઓ શ્રી મયુરભાઈ ઠક્કર, જયરામભાઈ જોષી, ઉન્નતભાઈ શાહ, વિપુલ દેસાઈ, ભીખુભા ડાભી તેમજ રામજીભાઈ રાયગોર વિગેરે જીવદયાપ્રેમીઓએ શિહોરી પોલીસ સ્ટેશને ગુનો દાખલ કરાવી ૩ ભેંસોની જિંદગી બચાવી હતી અને દિયોદર પાંજરાપોળને સુપ્રત કરવામાં આવી હતી. (તસવીર : રામજીભાઈ રાયગોર)

# ડીસામાં વિદેશી દારૂ ક્રોસ ચેકીંગ કેસમાં બે પોલીસકર્મીઓ સસ્પેન્ડ

## ત્રણ દિવસ પહેલાં વિદ્રોહ કરેલ ડી સ્ટાફ કર્મીઓ દંડાતાં પોલીસ બેડામાં સન્નાટો

ડીસા, તા. ૩

વેપારી મથક ડીસામાં વિદેશી દારૂ ઝડપી પાડવામાં કહેવાતી નિષ્ક્રિયતા અને ફરજ પ્રત્યેની ગફલત બદલશહેર પોલીસ ડી સ્ટાફના બે પોલીસકર્મીઓને જિલ્લા પોલીસવડાએ સસ્પેન્ડ કરી અન્ય પોલીસકર્મીઓ સામે તપાસની કાર્યવાહી હાથ ધરતાં પોલીસબેડામાં ખળભળાટ વ્યાપી જવા પામ્યો છે.

જિલ્લા પોલીસ અધિક્ષકની અશોકકુમાર યાદવની સુચના મુજબ ગત ૨૦મી જુલાઈ ૨૦૧૨ રોજ ડીસા શહેર પો.સ્ટે. વિસ્તારમાં રીસાલા મસ્જીદની સામે મોદી ભાવેશકુમાર અશોકકુમાર રહે. ડીસાવાળાના ઘેર પોલીસે ક્રોસ ઈન્કવાયરીએ રેડ કરી હતી. ક્રોસ ચેકીંગની આ રેડમાં ડીસા રૂરલ પો.સ્ટે.ના ઈન્ચાર્જ પો.ઈન્સ. ડી.આઈ. સીસોદિયા તથા સ્ટાફના માણસોએ ડીસા રીસાલા મસ્જીદ પાસે આવેલ ભાવેશકુમાર અશોકકુમાર મોદીના ઘરની ઝડપી લઈ તપાસ કરતાં પરપ્રાંતિય વિદેશી દારૂની બોટલ તથા બીયર કુલ નંગ ૧૨૦ કિ.રૂા.૭૨,૯૦૦ નો મુદ્દામાલ મળી આવતાં ડીસા શહેર પો.સ્ટે. પ્રોહી. ગુર.નં. ૫૨૨૧/વર્ષ ૨૦૧૨ પ્રોહી એકટ કલમ ૬૬બી, ૬૫એઈ, ૧૧૬(૨) મુજબનો ગુન્હો તા.૨૦મી જુલાઈ ૨૦૧૨ ના રાત્રીના સવા નવ વાગે દાખલ કરવામાં આવ્યો હતો. આ ગુન્હો સ્થાનિક પોલીસ દ્વારા શોધવામાં નિષ્ફળ રહેવા બદલ ડીસા શહેર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં એ.એસ.આઈ. સુરેશદાન બેડીદાન ગઢવી તેમજ, એ.એસ. આઈ. વિરમાભાઈ જકસીભાઈનાઓને તાકીદે ફરજ મોકુફ હેઠળ મુકવામાં આવેલ છે અને અન્ય કર્મચારીઓ વિરૂધ્ધ પ્રાથમિક ઈન્કવાયરી નાયબ પોલીસ અધિકારી દિયોદરનાઓને સોંપવામાં આવેલ છે. જોકે પ્રાથમિક તપાસમાં એવું બહાર આવેલ છે કે કહેવાતા કામના દોષીત બે પોલીસકર્મીઓ સુરેશદાન ગઢવી અને વિરમાભાઈ પરમાર સહીતના ડી સ્ટાફની સમગ્ર પોલીસ ટીમને ડી.વાય.એસ.પી. શ્રીએ આ ક્રોસ ઈન્કવાયરી થઈ તેના ત્રણ દિવસ પહેલા સત્તરમી જુલાઈ બે હજાર બારના રોજ ડી. સ્ટાફમાંથી વિદ્રોહ કર્યા હતા. એટલે કે જે દિવસે કહેવાતી ક્રોસ ઈન્કવાયરીમાં વિદેશી દારૂ ઝડપાયો ત્યારે આ ક્રમીઓ પૈકીના વિરમાભાઈ પરમાર ભોપાનગર ચોકી ઈન્ચાર્જ જ્યારે સુરેશદાન ગઢવી ડીસા શહેર પોલીસ મથકમાં જનરલ પોલીસ કર્મી તરીકે ફર્જ બજાવતા હતા. આ મામલે જવાબદાર એવા જેતે ચોકીના હેડ કોન્ટેબલ તેમજ ચોકી પી.એસ.આઈ.ની પણ ફરજ પ્રત્યે નિષ્કાળજી હોવા છતા અને તેઓની જવાબદારી બનતી હોવા છતા માત્ર આ બે પોલીસકર્મીઓ કહેવાતી ગફલતમાં દંડાતા પોલીસ બેડામાં સન્નાટો ફેલાયો હતો.

## થરાદમાં હનુમાનજી મંદિરના મુદ્દે ચીફ ઓફિસર પર ટોળાનો હુમલો

થરાદ નગરપાલિકાના ચીફ ઓફિસર પાંચાભાઈ માળી ગઈકાલે સાંજે શહેરના બળીયા હનુમાન ચોકમાં આવેલા હનુમાનજીના મંદિરની જાળી હટાવવા માટે જેસીબી મશીન અને સ્ટાફ તથા એમ્બ્યુલન્સ વાન સાથે ગયા હતા આથી લોકોમાં ભારે રોષની લાગણી સાથે ધાર્મિક લાગણી દુભાઈ હતી. પરિણામે લોકોનું મોટું ટોળું એકઠું થઈ જવા પામ્યું હતું અને જેસીબી દ્વારા કામગીરી શરૂ થાય તે પહેલા લોકો દ્વારા અચાનક પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આથી પાલિકાના બંન્ને વાહનોના કાચ તુટી ગયા હતા. જયારે ચીફ ઓફિસરને પણ ટોળાએ ઘેરી લઈ ગડદાપાટુ અને ફેંટો મારી હતી. આથી ચીફ ઓફિસર અને સ્ટાફ જેમ તેમ કરી લોકોના રોષથી બચવા ભાગી નીકળી પોલીસ મથકમાં આવી ગયા હતા.જોકે, છેલ્લા કેટલાક સમયથી ચીફ ઓફિસર ટ્રાફિક નિયમન સહિત વેપારીઓના દબાણો તોડવાની કામગીરી તેઓના સહયોગથી કરી રહ્યા હોઈ મળી રહેલા સારા પ્રતિસાદના કારણે તેઓ પોલીસ રક્ષણ પણ માંગતા ન હતા અને ગઈકાલે સાંજે બાદમાં જાણ થતાં પોલીસ કર્મચારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને લોકોમાં રોષ અને મંદિર તોડવાનો ઘેરો પ્રત્યાઘાત જોઈ વધારે પોલીસના માણસોની ફોજ ખડકવાની ફરજ પડી હતી.

## ૩૩ જ્યોતી પાટનો આયોજન ડંડાલી, અંજાર, કુકડીયા મુકામે યોજાયા

મોડાસા, તા. ૩

મોડાસા જિલ્લાના ડંડાલી ગામે તેત્રીસ જ્યોત પાટનું આયોજન રામદેવજી મહારાજના ઉપાસક અને સામાજીક કાર્યકર એવા મહંત ચંદુનાથજી યોગીના સાનીધ્યમાં યોજાયો હતો. આ ઉપરાંત અંજાર અને ઈડરના કુકડીયા ગામે તેત્રીસ જ્યોતીનું પાટનું તેમજ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શુભ પ્રસંગે મહંત માધવદાસ, મહંત વનમાળીદાસ, મહંત અમરનાથ મહંત અમૃતદાસ, મહંત લક્ષ્મણદાસ તથા શેઠ ઉત્તમદાસ જે ભગતોની જન મેદનીને સત સંગનો લાભ આપ્યો હતો. આ પાટનું લાભ લેવા ભગતો ૧ વર્ષથી નોંધણી કરાવતા હોય છે.



## ડીસામાં મૃત નાગના અંતિમ સંસ્કાર કરાયા...

પવીત્ર શ્રાવણ માસમાં શીવજીની પુજાનુ અનેરૂ મહત્વ હોય છે. શ્રાવણ માસમાં નાગ દેવતા નો દેખાડો અતી શુભ માનવામાં આવે છે. જેમાં રેજીમેન્ટ વિસ્તારમાં આજે એક પાંચ ફુટ લાંબા સાપે દર્શન દેતા આસપાસના રહીશોમાં કુતુહલ સાથે શ્રધ્ધા ભર્યો માહોલ સર્જાયો હતો. જો કે આ નાગરાજ પીડાથી કણસ્તા અને તરફડીયા મારતા જોવા મળ્યા હતા. જેઓ કોઈ સંભવીત અગમ્ય પીડાથી પીડીત હોવાનુ દેખાવ કારોએ જણાવ્યું હતું. અને ભારે અનુકંપા વચ્ચે આ નાગરાજે લોકોની નજર સામે અંતીમ શ્વાસ લઈ મોતને વ્હાલું કરતા સમગ્ર રેજીમેન્ટ વીસ્તારમાં આ ચમત્કારી ધટના થી અચંબા સાથે ધેરા શોકની લાગણી છવાઈ હતી. સ્થાનીકોએ હિન્દુ શાસ્ત્રોકત વીધીથી પુરા માન સાથે નાગરાજના અંતીમ સંસ્કાર કર્યા હતા. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસામાં રેતી કપચીના વહેપારીઓ દ્વારા રોયલ્ટી વસુલાત મામલે હોબાળો

ડીસામાં કસ્ટ્રકશન ઉધોગમાં ખનીજ રેતી-પથ્થરની મોટી જરૂરીયાત રહેલ છે. બનાસ નદી પટમાં અનેક લીઝો દ્વારા શહેર તેમજ જિલ્લાભરમાં ખનીજ મોકલવામાં આવે છે. જેમાં અગાઉ ટન દીઠ બાર રૂપિયા રોયલ્ટી વસુલાતી હતી. તોતીંગ ભાવ વધારાએ ટનદીઠ સીત્તેર રૂપિયા રોયલ્ટી વસુલાતા આ ધંધા સાથે સંકળાયેલા અનેક લોકોમાં ભાવ વધારાનો રોષ જોવા મળ્યો હતો. આ મામલે આજે આ વ્યવસાય સાથે સંકળાયેલા રસીકજી સુરાજી પરમાર, શાંતીજી સરદારજી પરમાર, ઉર્મીલાબેન વિજયભાઈ વિગેરે દ્વારા વિરૂધ્ધ કાર્યક્રમ રખાયો હતો. ડીસા હાઈવે રાજ મંદીર ટોકીજ પાસે વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આ ઉધોગ સાથે જોડાયેલા વહેપારીઓ હાજર રહ્યા હતા.

# પ્રાંતિજ સ્વામિનારાયણ સોસાયટી ખાતે કાગડાના ત્રાસથી લોકો પરેશાન

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં આવેલ સ્વામિનારાયણ સોસાયટીના રહીશોને છેલ્લા ત્રણ દિવસથી કાગડાઓના સમુહે હેરાન પરેશાન કરી મુક્યા છે. કાગડાઓ ચાંચો મારીને ઘાયલ કરતાં રહિશો ઘરની બહાર નીકળતા ગભરાટ અનુભવે છે.

પ્રાંતિજ ખાતે આવેલી સ્વામિનારાયણનગર સોસાયટીમાં વૃક્ષના ડાળા, વિજ વાયરો અને મકાનને અડીને આવેલા હોવાથી સોસાયટીના રહીશો દ્વારા આ વૃક્ષનો ફાલ ઉતારવામાં આવતા વૃક્ષ ઉપર આવેલા કાગડાના માળા વેરવિખેર થઈ જતા કાગડા વિફર્યા અને અહીંથી નીકળતા કોઈપણ વ્યક્તિને ચાંચ મારી ઘાયલ કરી મુકે છે. સોસાયટીના રહીશોને બહાર નીકળવુ મુશ્કેલ બની ગયું છે. સવારે બાર વાગ્યાથી પાંચ વાગ્યા સુધી કરફ્યું જેવો માહોલ સર્જાય છે અને સાંજે લોકો માથે હેલ્મેટ, તપેલુ, પેપર, થાળી માથે લઈને ભાગતા નીકળવુ પડે છે.

કાગડાના સમુહે બે વ્યક્તિને ઘાયલ કર્યા છે. એક વ્યક્તિ કાગડાથી ભાગવા જતા પગે ફેક્ચર થયુ છે. રહિશોમાં ભય વ્યાપી ગયો છે. ઘરની બહાર નીકળવુ ચિંતાનો વિષય બની ગયો છે. કયારે કાગડાનો આ સમુહ તેમના રોષમાંથી મુક્ત કરશે તેવી આશા અને દુવા સોસાયટીના રહિશો દ્વારા કરવામાં આવે છે.

# કાળા ખેતરા ગામ નજીક બાઈક અને જીપ વચ્ચે અકસ્માતે એકનું મોત : એકને ઈજા

હિંમતનગર, તા.૩

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના કાળા ખેતરા ગામ નજીક ગુરૂવારના રોજ બપોરના સમયે બાઈક અને જીપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પરના સવારનું મોત નિપજેલ જયારે એકને ઈજા થતા સારવાર માટે ખસેડાયેલ હતો. બનાવ અંગે ખેરોજ પોલીસ મથકે ફરીયાદ લુકાભાઈ બાબુભાઈ ગમાર એ ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જાણવા મળેલી વિગત મુજબ ગુરૂવારના રોજ ૧૧.૩૦ વાગ્યેના સમયે કાળા ખેતરા ગામ નજીક પીકઅપ જીપ ડાલુ જી.જે.-૯-વાય-૮૨૧૫ના ચાલકે બેફામ જીપ હંકારી સામેથી આવતી બાઈક નંબર જી.જે. ૯ એએ-૩૨૧૮ને ટકકર મારતા બાઈક સવાર રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના કોટડા છાવણી તાલુકાના ઉપલી સુબરી ગામના સેવારામ બાબુભાઈ ગમાર (ઉ.વ.૨૨) ને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે મોત નીપજયું હતું. જયારે સાથેના દીતાભાઈ સકીથાભાઈ પરમારને શરીરે ઈજાઓ થતા સારવાર માટે ખેડબ્રહ્મા સરકારી દવાખાને લઈ ગયેલ અને પીકઅપ જીપડાલાનો ચાલક જીપ મૂકી અકસ્માત કરી નાસી ગયેલ હતો.

# ગાંભોઈ ચાર રસ્તે વાહન ચેકિંગ દરમિયાન કતલખાને જતા ઘેટાં-બકરાં ભરેલ ટ્રક સાથે ચાર પકડાયા

હિંમતનગર, તા.૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરથી શામળાજી માર્ગ પર આવેલ ગાંભોઈ ચાર રસ્તા પર ગાંભોઈ પોલીસ દ્વારા શુક્રવારે સવારે ચાલી રહેલા વાહનચેકિંગ દરમિયાન કતલખાને લઈ જઈ રહેલા ઘેટા બકરા ભરેલ ટ્રક સાથે ચારને પોલીસે પકડી પાડી તેમના વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ અંગે ગાંભોઈ પોલીસ મથકના પી.એસ.આઈ.- એ.એલ. આચાર્ય એ જણાવેલ કે ગાંભોઈ પોલીસ શુક્રવારના રોજ ગાંભોઈ ચાર રસ્તે સવારે વાહન ચેકિંગ કરી રહ્યા હતા તે દરમિયાન ૧૦.૪૫ વાગ્યેના સમયે હિંમતનગર તરફથી આવી રહેલ ટ્રક નંબર જીજે-૯-વાય-૯૯૧૭માં તપાસ કરતા બિન અધિકૃત અને ક્રૂર રીતે ભરેલા ૯૭ નંગ નાના મોટા ઘેટાં બકરા મળી આવ્યા હતા. જેથી પોલીસે ૯૭ હજારના ઘેટા બકરાં સાથે ૮ લાખનો ટ્રક કબજે કરી મોડાસાના ચાંદ ટેકરી ખાતે રહેતા ચાર જણા નામે ડીસ મહમદ લીલાભાઈ મુલતાની, અઝરૂદ્દીન હનીફભાઈ મુલતાની, લતીફભાઈ લીલાભાઈ મુલતાની અને મહમદ હુસેન નુરમહમદ મુલતાનીને પકડી પાડી તેમના વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે ઘેટા-બકરાં ને ઈડર પાંજરાપોળ ખાતે મોકલી આપ્યા હતાં.



## કલાવિમર્શ ત્રિમાસિકનો મહેસાણા મુકામે શુભારંભ

અસાઈત સાહિત્ય સભા દ્વારા મહેસાણા ખાતે નૃત્ય-નાટય-સંગીત, સાહિત્ય, ચિત્ર, શિલ્પ-સ્થાપ્ત્ય, લોકકલા, લોકવાણી જેવી લલિતકલાઓને સમાવતા ત્રિમાસિક 'કલાવિમર્શ'નો શુભારંભ કરવામાં આવ્યો છે. આ શુભારંભ પ્રસંગે અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી, સુગમ સંગીતના રાસ બિહારી દેસાઈ-વિભાબેન દેસાઈ, નૃત્ય પારંગત ભરત બારીયા, સુપ્રસિધ્ધ સર્જક ડૉ.ચિનુ મોદી, ઈન્ટીના પ્રોડયુસર સમીર ગઢવી ઉપસ્થિત રહ્યા હતાં. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવદીએ જણાવ્યું કે 'કલાવિમર્શ' દ્વારા સમગ્ર ઉત્તર ગુજરાતને એક આગવી ઓળખ થશે. કાર્યક્રમનું સંચાલન વિમલ વૈદ્ય અને આભારવિધિ ઘનશ્યામ ગઢવીએ કરી હતી.

# પ્રાંતિજના પઠાણવાડામાં મહિલાને ધાક-ધમકી આપતા છ સામે ફરિયાદ

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરના પઠાણવાડામાં ગતરોજ સાંજે પઠાણવાડાના કેટલાક અસામાજીક તત્વો દ્વારા મહિલાના ઘરમાં તોડફોડ કરી ધમાલ મચાવી હતી. બનાવને હિન્દુ-મુસ્લિમ સમાજના લોકોએ વખોડ્યો હતો. બનાવ અંગે પ્રાંતિજ પોલીસમથકે ફરિયાદ નોંધાતા પી.આઈ. એસ.બી. કહાર અને પી.એસ.આઈ. ચૌહાણે આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાંતિજના પઠાણવાડા વિસ્તારમાં રહેતી મહિલા સઈદાબાનુ સલીમમીયા પોતાના ઘરે હતા ત્યારે પઠાણવાડાનાં જ બાબુભાઈથી ફીરોજભાઈ, આસીફ, ઈલીયાસ સિકન્દર, સિકન્દર મહમદભાઈ, મૌયુનમિયા, યુસુફમિયા વગેરેએ સઈદાબાનુને કહેલ કે તારો પતિ કયાગરો છે તેમ કહી તેઓએ ગેરકાયદે મંડળી રચી લાકડી ધોકા વડે સઈદાને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ઘરમાં ઘુસી તોડફોડ કરી હતી. બનાવની ફરિયાદ સઈદાએ પ્રાંતિજ પોલીસ મથકે નોંધાવતા ગુનો નોંધી પી.આઈ. કહારે આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પવિત્ર રમઝાન માસમાં શાંતિના માહોલમાં બનાવ બનતા પ્રાંતિજના ધાર્મિક લોકોએ બનાવને વખોડ્યો હતો.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| અલ્તાફ શેખ | મોડાસા | ૯૯૯૮૮૯૮૬૭૮ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોકસી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને કવાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES  APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેકટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન